# સરદાર પટેલ યુનિવર્સિટી
યુનિવર્સિટી રોડ, પોસ્ટ બોક્સ નંબર: ૧૦
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિશન ગ્રેડ "એ" (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)
ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૭/૬૭/૬૮; ઈ-મેલ: academic_spu@spuvvn.edu; વેબસાઇટ: www.spuvvn.edu


નં. ડી/બી/2026-27/ 1295

એકેડેમિક વિભાગ
તારીખ: 29/05/2026
1/06

**પરિપત્ર**
**અગત્યનું**

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/વડાશ્રી,અનુસ્નાતક વિભાગો.

**વિષય : ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્રારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માન્ય બોર્ડ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવા બાબત.**
**સંદર્ભ : તારીખઃ 22/05/2026 ના રોજ મળેલ એકઝીકયુટીવ કાઉન્સિલ સભાઃ 15, બાબત ક્રમાંકઃ 19 થી મળેલ મંજૂરી.**

સુજ્ઞશ્રી/સુશ્રી,

આથી સંબંધકર્તા સર્વે કોલેજોના/વિભાગોના આચાર્યશ્રીઓને/વડાશ્રીઓને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ-2026-27થી સ્નાતક/અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં આપની કોલેજોમાં/વિભાગોમાં વિદ્યાર્થીઓ, ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્રારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માન્ય બોર્ડ પૈકીના છે કે કેમ? જેની ચકાસણી કરવાની રહેશે. ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્રારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માન્ય 67 બોર્ડની યાદી યુનિવર્સિટી https://www.spuvvn.edu/students_corner/admissions/UG પરથી મેળવી શકાશે.

ઉપરોકત માન્ય બોર્ડ સિવાય અન્ય બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે કે કેમ? તેની ચોકસાઇ કરવાની જવાબદારી જે તે કોલેજ/વિભાગની રહેશે. જો ભવિષ્યમાં આ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજ/વિભાગની રહેશે.

**નોંધઃ** ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ન ઉદભવે તે માટે અંગત કાળજી રાખવાની રહેશે. પાછળથી યુનિવર્સિટીને ધ્યાન પર આવશે. તો સંબંધિત કોલેજ/વિભાગના આચાર્યશ્રીની/વડાશ્રીઓની અંગત જવાબદારી રહેશે.અને જો અમાન્ય બોર્ડ ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. તો તેનું એનલરોમેન્ટ/રજીસ્ટ્રેશન રદ કરવામાં આવશે. અને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. જો વિદ્યાર્થીએ પરીક્ષા આપી હશે. તો તેનું પરિણામ અટકાવવામાં આવશે. તેથી આ બાબતની ગંભીરતાને ધ્યાને લઇ અમલ કરવા નોંધ લેશો.

વધુમાં, ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્રારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માન્ય 67 બોર્ડની યાદી સિવાયના અમાન્ય બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ નથી. તેવો એક બાંહેધરી પત્ર સર્વે કોલેજ/વિભાગના આચાર્યશ્રીઓને/વડાશ્રીઓને સહી/સિકકા સાથે યુનિવર્સિટીમાં રજૂ કરવાનું રહેશે.

(ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્રારા પ્રસિદ્ધ કરવામાં આવેલ માન્ય 67 બોર્ડની યાદી યુનિવર્સિટી **website https://www.spuvvn.edu/studetns_corner/admissions/UG)** પરથી મેળવી શકાશે.

કા. કુલસચિવ

**સવિનય નકલ રવાનાઃ** GCAS સેલ, નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) કેમ્પસ, PRL (ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી)ની સામે, નવરંગપુરા અમદાવાદ-3801015 તરફ જરૂરી કાર્યવાહી અર્થે જાણ સારૂ.